કોળીજીવનની પ્રથમ ભેટ.

ભક્ત રણછોડજી ગોવિંદભાઈ પટેલની સેવાની ટુંક નોંધ

"જનની જણે તો ભક્ત જણ,
કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી,
પણ મત ગુમાવીશ નુર."

લેખકઃ
જીવણજી દુલ્લભ.

જ્ઞાતિભક્ત રણછોડજી ગોવિંદભાઈ પટેલની સેવાની ટુંક નોંધ.

લેખક:
જીવણજી દુલ્લભભાઈ પટેલ.

કોળી કોમ હિતેચ્છક, કોળી સદ્બોધ, દાનવીર કોળી ગૃહસ્થ ભાણાભાઈ વહાલજી, માતૃભૂમિ નોગામા, કોળી અવનતિ, વગેરેના લેખક અને કોળી સુબોધના માજી તંત્રી તથા તંત્રી કોળીજીવન.

સંવત ૧૯૭૭. સને ૧૯૨૧.

પ્રત, ૧૦૦૦.

કિંમત ૦-૨-૬



જ્ઞાતિભક્ત—

મણુકોરજી ગોવિંદભાઈ પટેલ.

શ્રી 'અનાવિલ' પ્રિ. પ્રેસ, સુરત.

પ્રસ્તાવના.

સને ૧૯૧૫ અને તે પહેલાં ગુજરાત અને કાઠિયાવાડ મળી સમગ્ર ગુજરાત પ્રાંતની ૨૦-૨૫ લાખ કોળીની વસ્તિમાં, વિદ્યાર્થી આશ્રમ, માસિક, વગેરે જેવી પ્રવૃત્તિઓ બીલકુલ ન્હોતી. સને ૧૯૧૫માં ફ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળની ભાવનામાં વિશેષ જાગૃતિ આવી અને તેને પરિણામે કોળી યુવક મંડળ સુરત વિભાગ, કોળી વિદ્યાર્થી આશ્રમ, કોળી સુબોધ માસિક, વગેરે અસ્તિત્વમાં આવ્યાં.

આ અસ્તિત્વમાં આવેલી પ્રવૃત્તિઓએ કોમની અત્યાર સુધીમાં બનતી સેવાઓ બજાવેલી છે અને હજુ બજાવેજ જાય છે. આ ઉપરથી જોઈ શકાય છે કે, ગુજરાતનાં કોળી કોમ પૈકીનાં મંડળોમાં ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ પ્રથમ દરજ્જે છે. આવો એક ઉંચા પ્રકારનો દરજ્જો ભોગવતા મંડળના સભાસદ પદ ઉપરથી કોમની ઉત્તમોત્તમ સેવા બજાવનાર, જ્ઞાતિભક્ત રણછોડજીભાઇની કામગીરીની-સેવાની-ટુંક નોંધ જાહેર કોળી જ્ઞાતિ સમક્ષ રજુ કરવામાં આવે છે, તો એથી કોમને કંઇ પણ લાભ થશે એવી લેખકને આશા છે.

સુરત, સંઘાડીઆવાડ-નાની છીપવાડ
માસ્તર નાથાભાઇ દેવાભાઇનું મકાન.
તા. ૨૦-૧-૨૧.

જીવણજી દુલ્લભભાઈ પટેલ.

જ્ઞાતિભક્ત
રણછોડજી ગોવિંદભાઈ પટેલની
સેવાની ટુંક નોંધ.

—(૦)—

વિક્રમની વીસમી સદીનો સમય છે. એક વખત વિદ્યા, કળા, સાહિત્ય, વગેરે સર્વ બાબતોથી ઉન્નતિને શિખરે પહોંચેલ ભારત આજે અવનત દશામાં છે. સમગ્ર ભારત જ્યારે અવનત દશામાં હોય ત્યારે તેની અંદર આવેલું ગુજરાત અવનત દશામાં કેમ ન હોય? ગુજરાત જ્યારે અવનત દશામાં હોય ત્યારે એ ગુજરાતની અંદર આવેલી કોળી જાતિ પણ અવનત દશામાં કેમ ન હોય? મતલબ કે હોયજ અને છે.

ગુજરાતની કોળી કોમ ઉપર અજ્ઞાનરૂપી અંધકારનો પડદો છવાઇ રહ્યો છે, ગરીબાઈ પળે પળે ભૂખમરાનો ત્રાસ વર્તાવી રહી છે, બાળલગ્ન, નિર્દોષ બાળકોનાં જીવનની આહુતિ લઈ રહ્યાં છે, દહાડાપાણી અને બીજા મોજશોખના ખર્ચમાં કોમના ગણ્યા ગાંઠ્યા શ્રીમંતો પૈસાની રેલછેલ ઉડાવી ખાલી નામના કાઢી રહ્યા છે, ગરીબ અને શ્રીમંતથી ઉતરતી પંક્તિના ભાઇઓ શ્રીમંતોની નામના કાઢવાની

અઘોળ મસ્તિના સપાટામાં જાણેઅજાણે દેખાદેખી અનુકરણ કરી ઘરબાર અને જમીન ગુમાવી રહ્યા છે, બાળલગ્નના યજ્ઞમાં હોમાઇ કાચી વયે ગૃહસંસાર માંડી વીર્યની નાસ્તિ કરી પુરૂષ અને સ્ત્રી શરીરે નિર્માલ્ય થઇ નિર્બળ પ્રજા ઉત્પન્ન કરી, પુરૂષસ્ત્રી અને બાળકો રાત-દિવસ અનેક પ્રકારના દુ:ખમાં હાયહાય પોકારી રહ્યાં છે, ગુણકર્મ અને સ્વભાવ મળતા ન આવવાથી કેટલાંક જોડાં મારામારી, ગાળાગાળી, અને નાસભાગ કરી સંસારને સળગી ઉઠેલા જંગલ સમાન બનાવી માંહે બળી રહ્યાં છે, અજ્ઞાન માતાઓ નિર્દોષ બાળકોને વાઘ આવ્યો, બાવો આવ્યો, કુતરો કરડી ખાશે, ચોર પકડી જશે, વગેરે અનેક ધમકી આપી બીકણુ બનાવી રહી છે, જુવાન છોકરા અને છોકરી વૃદ્ધોની પાસેથી ભુત, ડાકણુ, અને એવી અનેકાનેક વહેમની વાતો વારસામાં મેળવી રહ્યાં છે, દારૂ, તાડી, માંસ, વગેરે અભક્ષ્ય પદાર્થોનું સેવન જોસભેર ચાલી રહ્યું છે, ધર્મ અને પરમાર્થની શુભ લાગણી રાખમાં દબાયલા અગ્નિની જેમ સ્વાર્થરૂપી રાખમાં દટાઇ રહેલી છે, આવે સમયે ગુજરાતની ભુમિ ઉપર કોળી કોમમાં એક બાહોશ, કર્ત્તવ્યપરાયણ અને સાહસિક તથા ઉદાર પુરૂષ, જાહેર જીવનનાં તોફાની રણક્ષેત્ર ઉપર ઉન્નતિનો ઝુંડો પકડી એકદમ ઝઝુમતો આવે છે અને ઉપર બતાવેલ

સર્વ ચિતાર જુએ છે ને વિચાર કરે છે કેઃ—

શું આ ગુજરાતની પરમ પવિત્ર ભુમિ છે? વનરાજ અને સિદ્ધરાજ જેવા વીરકેસરીઓની એ માતા છે? હા, હા, હા! અરે ગુજરાત! તારી પ્રાચીન જાહોજલાલી અને આજની આ દશા વચ્ચે જમીન આસમાન જેટલો ફરક કેમ? અરે! કાળના કરાળ ચક્રના સપાટાએ તને પણ બચાવ્યું નથીજ! અરે! આ ગુજરાત અને તેની અંદર વસેલી અનેક જાતિઓના સમૂહ મારી નજરે પડે છે. સમગ્ર જાતિની અંદર કોઇ નહિ કોઈ પ્રકારે અવનતિએ વધતું ઓછું ઘર કરેલુંજ છે. અવનતિની સામે એકેએક કોમ પૂર વેગે પ્રયત્ન કરી ઝઝુમી રહેલી છે, એટલે કે માસિક પત્રો, વિદ્યાર્થી આશ્રમો, પરિષદો, વગેરે વગેરે પ્રવૃત્તિમાં મશગુલ છે. પરંતુ તે અર્થમાં કોળી જાતિ કેવળ મધ્યરાત્રિની ઘોર નિદ્રામાં સુતેલીજ જણાય છે. ફક્ત ક્યાંક ક્યાંક છુટાંછવાયાં મંડળો અને પુરૂષો થોડા ઘણા પ્રયત્ન કરતા જણાય છે.

મુંબઇમાં છુટીછવાઈ પ્રવૃત્તિ છે પરંતુ તે મુંબઇમાંજ છે, તેનો અવાજ ગુજરાતના બીજા પ્રદેશોમાં પહોંચેલો જણાતો નથી. વલસાડ તાલુકાનું પણ તેમજ છે. ઓરપાડ તાલુકાએ અવાજ ગુજરાતના વિવિધ વિભાગોમાં પહોંચાડવા કોળી હિતવર્ધક મંડળ સ્થાપી કાસદ નામનું

માસિક કાઢી પ્રયત્ન આદર્યો છે. કાસદ કેવળ કોળી કોમ માટેજ નથી પણ તે સાર્વજનિક છે. મદ્યનિષેધ માટે ઓરપાડ તાલુકામાં મોટી મોટી કોળી કોમની સભાઓ મળેલ છે. પ્રયત્ન સ્તુતિપાત્ર છે. હિલચાલને અંગે કેટલાંક પીઠાં ઉઠેલાં જણાય છે. ઓરપાડ તાલુકાની પ્રવૃત્તિએ કાસદ મારફત ઠામઠામ સંદેશો મોકલ્યો. આ સંદેશા ઉપરથી વલસાડવાસી રા. નારણભાઇ રામજીના પ્રયાસથી ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ જોહનીસબર્ગ સ્થપાયું. મંડળ સ્થપાયું અને ડામાડોળનો પવન લાગ્યો જણાય છે. ફીકર નહિ. ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ કોળી કોમ ને જગાડવા અને ઉન્નતિના શિખર ઉપર લઇ જવા વિદ્યાર્થી આશ્રમ અને પત્ર વગેરેના પ્રયત્નો કરે છે.

પ્રયત્નો થાય છે પણ પડવું આખડવું ને ઉઠવું બેસવું વિશેષ થાય છે. ચાલો ! બહુ વિચાર કર્યો. અંતરમાં પ્રતિજ્ઞા થાય છે કે "જ્યાં સુધી બોર્ડિંગ હાઉસ સ્થાપન ન થાય ત્યાં સુધી મૂછ રાખવી નહિ." પ્રતિજ્ઞા હૃદયપટ ઉપર નિશ્ચિત થઈ. ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળમાં રહીનેજ સ્થાપન કરવું એવો દૃઢ નિશ્ચય થયો. બોર્ડિંગ હાઉસ માટે ફંડ એકત્ર કરવાનું પણ કામ ચાલુ થયું. હવે તો આફ્રિકામાંજ હિલચાલ કરી બેસી ન રહેવું પણ દેશ પરદેશ સંદેશો પહોંચાડવો.

સંદેશો પહોંચાડવા દેશ પરદેશની જ્ઞાતિપંચો ઉપર મંડળ મારફત પત્રો લખાય છે.

પ્રિય વાચક ! જ્યાંસુધી બોર્ડિંગ હાઉસ સ્થાપન ન થાય ત્યાંસુધી મુછ ન રાખવી એવી દૃઢ પ્રતિજ્ઞા લેનાર, તથા કોળી કોમની અવતન દશાને બારીકાઇથી નિહાળનાર તથા સેવાના રણક્ષેત્ર ઉપર ઉન્નતિની વીર હાકનો ઝુંડો પકડી વિચાર સૃષ્ટિમાં ભ્રમણ કરી કર્ત્તવ્યના ક્ષેત્રમાં આગળ આવનાર એ કોણ હશે, તે આપ સમજી તો ગયા હશોજ. કદાચ કોઇ ભાઈ ન જાણી શક્યા હોય તો તેઓ પણ વિચારથી જાણી શકશે કે એ બીજુ કોઇ નહિ પણ મટવાડ મુંશીઆફળીઆ તા. જલાલપોર નિવાસી જ્ઞાતિભકત રણછોડજી ગોવિંદભાઇ પટેલજ છે.

મટવાડ વિષે કંઇક.

જલાલપોર તાલુકાની પશ્ચિમ દિશાએ એ અરબી સમુદ્રના કિનારા ઉપર આવેલું મોટું ગામ છે. વસ્તીનો મોટો ભાગ—લગભગ તમામ વસ્તી કોળીનીજ છે. આ પ્રદેશની અંદર સમુદ્રનાં પાણીની ભરતીને લીધે જમીનનો મોટો ભાગ ખારવાળો બની ગયેલો છે જેથી ખેતી ઘણીજ ઓછી છે. એ પ્રદેશના કોળી ભાઈઓનો ધંધો પહેલાં વહાણ

ફેરવવાનો વિશેષ હતો. પરંતુ આગગાડી અને આગબોટ હૈયાતીમાં આવ્યા પછીથી તે ધધો કમી થયો છે, તોપણ છેક તો કમી નથીજ થયો. હજુ પણ એ ગામમાંથી અને એની આજુબાજુનાં દાંડી, સામાપોર, વગેરે ગામોમાંથી ઘણાં વહાણો ખંભાત, અને દક્ષિણમાં છેક મુંબઈની પણ આગળ સુધીનાં બંદોરોથી માલ લાવ લઈજા કરે છે. આ પ્રદેશની પ્રજા સાહસિક છે.

જીવનના કેટલાક બનાવો.

જ્ઞાતિભકત રણછોડજીભાઈ, પ્રથમ ગુજરાતીનો સાધારણ ઠીક અભ્યાસ કરી મુનસાડ તા. જલાલપોરની શાળામાં માસ્તર તરીકે જોડાયા હતા. થોડો વખત એ કામ કરી પછી બહાર મુસાફરી કરી પ્રદેશો જોવા અને અર્થ પ્રાપ્તી ઠીક થાય એ હેતુથી હિંદુસ્તાનના જુદા જુદા પ્રદેશોમાં રેલવે કોન્ટ્રાકટરો સાથે ફર્યા. પછી આફ્રિકા ગયા. હાલ તેઓ છેલ્લા કેટલાંક વરસથી વધુ વખત આફ્રિકા ખાતેજ કાઢે છે.

સને ૧૯૧૫.

ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ જોહનીસબર્ગે નવસારી ખાતે કોળી કોમના વિદ્યાર્થીઓ માટે એક બોર્ડિંગ હાઉસ—વિદ્યાર્થી આશ્રમ ખોલવાનો ઠરાવ કરી ફંડ સને

૧૯૧૫ પહેલાં ચાલુ કર્યું હતું. આ મંડળની અંદરજ એક કાર્યવાહક અને સભાસદ તરીકે જ્ઞાતિભકત રણછોડજીભાઇ હતા. સને ૧૯૧૫માં ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ જોહનીસબર્ગએ દેશ ખાતે ગામેગામની પંચોને વિદ્યાર્થી આશ્રમ ખોલવાના કામમાં મદદ કરવા કાગળો લખ્યા હતા, જેમાંનો એક કાગળ નોગામાની પંચ ઉપર પણ હતો. જે નીચે મુજબઃ—

ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ.

પી. ઓ. બોક્ષ. ૫૯૨૭

જોહનીસબર્ગ, તા. ૩૧-૩-૧૫

શ. રા. સુજ્ઞ મહાશય પટેલ દાજીભાઇ મોરારજી તથા પરભુભાઇ પ્રેમાભાઇ તથા હરિભાઇ મોતીભાઈ પોલિસપટેલ અને આપણી જ્ઞાતિના સદ્‌ગૃહસ્થો સમસ્ત.

મુ. નોગામા.

જોગ શ્રી જોહનીસબર્ગથી પટેલ પરભુભાઇ કારાભાઇ તથા માધુભાઈ સુખાભાઇ તથા નારણભાઈ રણછોડજી તથા કલાણભાઇ મંગાભાઈ સરાવ તથા રણછોડજી ગોવિંદભાઇ મટવાડકર તથા વલ્લભભાઈ ભગાભાઈ વગેરે મંડળના મેમ્બરો સમસ્તના નમસ્તે.

જત લખવાનું જે અહીંઆં "કોળી હિતવર્ધક મંડળ" ની સ્થાપના કરી છે અને નવસારી મુકામે કોળી જ્ઞાતિના વિદ્યાર્થીઓને વાસ્તે બોરડીંગ હાઉસ ચાલુ કરવાને ઉઘરાણું શરૂ કર્યું છે જેથી આપ સદ્‌ગૃહસ્થોની સહાયતાની પુરતી જરૂર છે જે વિષે આપણો મત દર્શાવી આભારી કરશોજી હાલ અમો શ્રી પ્રભુની કૃપાથી કુશળ છે અને આપની કુશળતા શ્રી પરમાત્મા પાસે ચાહું છું દેશના નવા જુના તથા ખેતીવાડીના સમાચાર દર્શાવશો.

લી. સદાનો વિશ્વાસુ

પરભુભાઇ કારાભાઈ પટેલના

સપ્રેમ અભિવંદન.

ઉપરનો પત્ર મે માસમાં નોગામા ખાતેથી અનાયાસે આ સેવકના હાથમાં આવ્યો. આ પત્ર મળ્યો તેજ દિવસે નોગામાના ગામલોકોને ભેગા કરી પત્રની મતલબ સમજાવી. લોકોએ એ કામમાં મદદ કરવા ખુશી જણાવી. આ અગાઉ સને ૧૯૧૨-૧૩ની શાલથી સેવક સુરતના અશક્તા શ્રમનું ઉઘરાણું વિના પગારે નવરાસના સમયમાં ગામેગામથી કરતા હતા. આ ઉપરથી અનુભવ લઈ કોળી કોમની ઉન્નતિ અર્થે તથા કોમના ગરીબ વિદ્યાર્થીઓને કોઈપણ રીતે મદદ કરી શકાય એવું કોઇ જ્ઞાતિ સેવાનું કામ ઉપાડવાની તૈયારી હતી અને તેની શરૂઆત માટે કેટલુંક

લખાણુ પુસ્તક રૂપે પ્રગટ કરવા લખી રાખેલું હતું. પૈસાના અભાવે અને કયે માર્ગે કામ કરવું તે નક્કી થતાં સુધી સદર લખાણુ છપાવવાનું પડી રહયું હતું. સદ્‌ભાગ્યે ઉપરનો પત્ર જોવામાં આવ્યો અને કાર્ય દિશા નક્કી થવા બરાબર થયું. નોગામાની પંચે અને ગામલોકોએ જણાવ્યું કે કામ કરનાર નીકળે તો હમારે મદદ કરવાને વાંધો નથી. આ ઉપરથી પછી તુરત પેલું લખાણુ છપાવી પ્રગટ કરવાનો વિચાર કર્યો. નોગામા ખાતેથી તથા બીજા કેટલાક મિત્રોની મદદ લઇ સદર લખાણુ છપાવ્યું, તે પુસ્તકનું નામ "કોળી કોમ હિતેચ્છક" એવું આપ્યું. આ પુસ્તક છપાવવાના કામમાં ડાંભેર તા. જલલપોર નિવાસી સ્વ. એન્જિનિયર ભાણુભાઈ ડાહ્યાભાઈ પટેલે ઘણીજ સારી મદદ કરી હતી. સદર પુસ્તક છપાવવા માટે જુન માસમાં તે છાપખાનામાં આપ્યું. આજ વખતે ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળની જે નવસારી ખાતે વિદ્યાર્થી આશ્રમ ખોલવાની યોજના હતી તેને અમલમાં મૂકવા માટે એક મંડળ સ્થાપન કરવાની હિલચાલ કરી. નોગામા નિવાસી રા. ભીખાભાઇ હરિભાઇ પટેલ તથા ડાંભેર તા. જલાલપોર નિવાસી સ્વ. એન્જિનિયર ભાણુભાઇ ડાહ્યાભાઇ એઓની સાથે ભેગા મળી મંડળ કેવી રીતે સ્થાપન કરવું તથા સભા ક્યાં બોલાવવી તે વિચાર કર્યો. વિચાર કરતાં જણાયું કે

નવાતલાવ તા. જલાલપોર વાસી રા. દયાળજી પ્રેમાભાઈ પટેલ એ કામમાં મદદ કરી શકે એમ છે માટે તેમને ત્યાં સભા મેળવવી. આવો વિચાર કરી તુરતજ રા. ભીખાભાઈ હરિભાઈ પટેલની બળદગાડી જોડી હમો ત્રણે જણ નવાતળાવ ગયા. રા. દયાળજી પ્રેમાભાઈ જો મદદ કરે તો સભા જરૂર બોલાવવી અને તે માટે આમંત્રણના કાગળો લખવા પોસ્ટકાર્ડો પણ સાથે લઈ ગયા હતા. રા. દયાળજીભાઈને વાત કરી. તેઓએ પોતાને ત્યાં સભા બોલાવવાની રજા આપી. સાંજના વાળુ કરી થોડા પોસ્ટકાર્ડો લખ્યા પણ ખરા. બાકીના સવારમાં લખવા એવો ઠરાવ કરી ઘણી ઘણી વાતો કરી બહાર પવનની લહેરમાં મોજનાં મિજાની ઉંઘ કહાડી. સવાર થતાં આકાશ વાદળોથી ઘેરાએલું માલુમ પડયું. જુન માસની લગભગ દશમી બારમી તારીખ હતી એટલે વરસાદ આવવાની પણ તૈયારીજ હતી. વરસાદનો ડોળ એવો જણયો કે તુરતમાંજ તે આવશે. આ ઉપરથી બધાએ વિચાર કર્યો કે, હમણા સભા બોલાવવાથી હાજરી ન થશે, કારણ કે વરસાદ તુરતમાંજ આવવાનો અને લોકો વાવણીના કામમાં પડવાના માટે દિવાળી ઉપર એ કામ રાખો. આ ઉપરથી સભા બોલાવવાનું દિવાળી ઉપર રાખી સર્વ છુટા પડયા. પુસ્તક પ્રેસમાં છપાતું હતું તેને સભામાં વહેંચવાનો ઠરાવ

હતો. સભા બોલાવવાની મૂલતવી રહી એટલે પુસ્તક છાપવાની બહુ ઉતાવળ ન કરાવી અને તા. ૧૫મી જુને અમદાવાદ ટ્રેનિંગ કોલેજમાં હમારે હાજર થવાનું હતું જેથી હમો અમદાવાદ ગયા.

પુસ્તક છપાવવામાં તેની કેટલીક વ્યવસ્થા અને પ્રુફ વગેરે તપાસી તૈયાર કરાવવાનું કમ સ્વ. એન્જિનિયર ભાણાભાઇએ માથે લીધું હતું, જેથી તે કામ તેમને હમો સોંપી ગયા હતા. તા. ૨૦–૬–૨૦ના રોજ સદર પુસ્તક છપાઈ તૈયાર થયું અને તેની નકલો દેશ પરદેશ સ્વ. એન્જિનિયર ભાણાભાઇએ મોકલી હતી. આ પુસ્તકની નકલો આફ્રિકા પહોંચ્યા પછીથી આફ્રિકા ખાતેથી એકે દિવસે બે કાગળો હમોને મળ્યા, જેમાંનો એક જ્ઞાતિભક્ત રણછોડજીભાઈનો તથા બીજો શ્રીયુત ભાણાભાઇ ગોવિંદજીનો હતો. જ્ઞાતિભકત રણછોડજી ગોવિંદભાઇના પત્રની નકલ નીચે મુજબઃ—

ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ

પી. ઓ. બોક્ષ, ૯૬૦

પ્રિટોર્યા, તા. ૨૩ માહે ઓગસ્ટ સને ૧૯૧૫

રા. રા. ભાઈશ્રી જીવણજી દુર્લભભાઇ પટેલ

મુ૦ નોગામા

સેવામાં સવિનય નિવેદન કે આપ શ્રીએ જે "કોળી

કોમ હિતેચ્છક" નામનાં ચોપાન્યાં પ્રસિદ્ધ કર્યાં છે તે જો માસીક ચોપાન્યા તરીકે બાહાર પાડશો તો આપણી જ્ઞાતિ આભારી થશે સબબ જે જ્ઞાતિમાં વિદ્વાનોની ઘણીજ ખોટ છે.

હમારે વાસ્તે "કો. કો. હિ." ચોપાન્યા ૨૦ અગર પચીસ જો શીલકમાં હોય તો પોસ્ટ મારફ્ત મોકલી આપવા કૃપાવંત થશો. અને એની કિંમત શું થશે તે પણ પત્ર મધ્યે જાહેર કરશો તો હમો મનીઓર્ડર અગર બ્રિટિશ પૌસ્ટલ ઓર્ડરથી મોકલી આપશું.

તદ્દન નકલ વેચાણ થઈ ગઇ હોય તોપણ ½ ડઝન જરૂર જરૂર મોકલશો. અત્રેના વસતા ભાઇઓને એ ચોપાન્યાં નવાઈરૂપ લાગ્યાં છે. નવીન બીના જાહેર કરશોજી અને માસિક કાઢતાં ખરચનો અડસટ્ટો શું થાય જે બદલ જણાવશો તો અત્રેના મંડળમાં ચરચા ચલાવી બનતી મદદ કરવા આશા રાખીએ છીએ.

લી. સદાનો તાબેદાર સેવક

દાજીભાઇ છીબાભાઇ (પ્રમુખ)

મટવાડકર અને

સેવક રણછોડજી ગોવિંદભાઈ

મટવાડકર.

શ્રીયુત ભાણુભાઇ ગોવિંદજીના પત્રની નકલ અત્રે આપી નથી પરંતુ તે પત્ર પણ ઘણોજ અગત્યનો છે. ભવિષ્યમાં પ્રસંગ આવતાં તે પણ પ્રગટ થશે.

ઉપરનો પત્ર અમદાવાદ ટ્રેનિંગ કોલેજમાં હમોને મળ્યો હતો.પત્ર વાંચી "કો. કો. હિ."ની નકલો આફ્રિકા મોકલવા સ્વ. એન્જિનિયર ભાણુભાઇ ડાહ્યાભાઇ તથા રા. ભીખાભાઇને નોગામા લખી જણાવ્યું તથા માસિક કાઢતાં કેટલો ખર્ચ થાય તે હકીકત ટ્રેનિંગ કોલેજના હમારા એક ગુરૂની સાથે વાત કરી માહિતી મેળવી લખી જણાવી. આ પછી અક્ટોબરની આખરે હમારી વાર્ષિક પરીક્ષા પુરી થવાથી હમે ગામ આવ્યા અને ચીખલી તાલુકા સ્કૂલમાં નવેંબરમાં આસિ. તરીકે દાખલ થયા. ચીખલી દાખલ થયા પછીથી ગયા જુન માસમાં મંડળ સ્થાપન કરવા જે વાત વરસાદની તૈયારીને લીધે મૂલતવી રાખેલી તે પાછી હાથ ધરવાનો વિચાર કર્યો. કોળી કોમ હિતેચ્છુ છપાવી પ્રગટ કર્યું તે વખતે બનાવ એવો બનેલો કે, સ્વ. એન્જિનિયર ભાણુભાઇએ ભાવતાલ કર્યા સિવાયજ તે છાપખાનામાં છાપવા આપેલું. હમોએ એકંદર રૂા. ૨૦) ખર્ચ થશે એમ ધારેલુ અને તે ઉપરથી સેંકડે રૂા. ૨) ખર્ચ આવવો ધારી તે ઉપરથી ૧૦૦-૧૦૦ નકલનો ખર્ચ આપનાર પાસેથી બબ્બે રૂા. લેવાના કરેલા હતા. ૫૦૦ નકલના ખર્ચના પૈસા મેળવ-

વાની કેટલાક મિત્રો પાસેથી ગોઠવણુ હમે કરી હતી અને બાકીની ૫૦૦ નકલનો ખર્ચ મેળવવાનું સ્વ. એન્જિનિયર ભાણુભાઇએ માથે લીધું હતું. ચોપડી છપાઇને તૈયાર થઇ બીલ રૂા. ૫૭ ઉપર થયું એટલે સેંકડે રૂા. પાંચ ઉપર થયા જેથી કેટલાક પૈસા આપનાર ભાઇઓ તો કાઢી ગયા. સ્વ. એન્જિનિયર ભાણુભાઇએ હમોને કોલેજમાં લખ્યું કે ખર્ચ વધારે આવવાથી લોકો પૈસા આપવા ના પાડે છે. ત્યારે હમોએ નોગામા ખાતેથી વ્યાજે પૈસા ઉપાડી પ્રેસનું બીલ ચુકવવાની ગોઠવણુ રા. ભીખાભાઈ હરિભાઇ તથા રા. દુલ્લભભાઇ મોરારજી મારફત કરી. કોલેજમાંથી આવ્યા પછીથી તે પૈસા હમોએ હમારા સાહુકારને ત્યાંથી ઉપાડી જેની પાસેથી વ્યાજે લીધેલા તેને ભરી દીધા.

આ બનાવ ઉપરથી હમારા મિત્રો રા. ભીખાભાઈ અને સ્વ. એન્જિનિયર ભાણુભાઇએ દિવાળી ઉપર ફરી મંડળ સ્થાપન કરવાની વાત કાઢી ત્યારે જણાવ્યું કે, ચોપડી છપાવવામાં અનુભવ નથી થયો કે વળી ફરી મંડળની વાત કરો છો ? આ ભાઇઓએ વીતેલી વાત યાદ કરાવી હતી પરંતુ એઓના અંતરમાં તો કામ ઉપાડવામાં મદદ કરવાનું હતું જ. આ પ્રમાણે સને ૧૯૧૫ ના ડીસેમ્બરમાં મંડળ સ્થાપન કરવાની હિલચાલ ચાલુ હતી તેવામાં મિત્ર ભાણુભાઇ ગોવિંદજી પટેલ આફ્રિકાથી એકાએક દેશ આવ્યા

હતા. એઓનો કાગળ હમોને ચીખલી મળ્યો. હમોએ એઓને ચીખલી બોલાવ્યા અને વાતચિત્ત કરી મંડળ સ્થાપન કરવાનો ઠરાવ કરી તા. ૧-૧-૧૬ ના રોજ નવા તળાવ મુકામે રા. દયાળજી પ્રેમાભાઈને ત્યાં સભા બોલાવવાનું નક્કી રાખ્યું.

સને ૧૯૧૬.

તા. ૧-૧-૧૬ના રોજ જે સભા મંડળ સ્થાપન કરવા માટે બોલાવવામાં આવી તે સભા ગયા જુન માસમાં વરસાદની તૈયારીને લીધે મૂલતવી રાખેલી તેજ કહીએ તો ચાલે. સભા મળી અને કેળી યુવક મંડળ સુરત વિભાગ નામનું મડળ સ્થાપન થયું. મંડળ સ્થપાયા પછીથી દેશ પરદેશ તેની ખબર કાગળ મારફત પહોંચાડી. માહે માર્ચ એપ્રીલ માસમાં મંડળ તરફથી નેગામા મુકામે એક બે સભાઓ જ્ઞાતિની બોર્ડિંગ ખોલવાના કામમાં મદદ કરવા બોલાવી પરંતુ તેમાં જોઈએ તે પ્રમાણે હાજરી ન થવાથી પછી ઠરાવ કર્યો કે, હવે ગામેગામ ને ઘેરેઘેર ફરી ફંડ ભેગું કરી આશ્રમ ખોલવું. એપ્રીલ માસમાં હમારી બદલી ચીખલીથી સાતેમ તા. જલાલપોર થઈ એટલે કામ કરવાની વધારે અનુકુળતા થઈ. મે કે જુન માસમાં હમો સાતેમ હતા તે વખતે ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મડળ તરફથી મંત્રી, બહાદુર કોળી આગેવાન વલ્લભભાઈ ગોપાળજી

મારફત તાર મળ્યો કે, રૂા. ૪૦૦ આવે છે માટે પેપર શરૂ કરો. આ વખતે, મિત્ર ભાણુભાઇ પંજાબ ધંધાર્થે ગયા હતા તેમને કાગળ લખી બોલાવી લીધા. મિત્ર ભાણુભાઈની સાથે ચોમાસાંની શરૂઆતમાં ગામડે ગામડે અને ઘેરેઘેર ફરી ઉઘરાણું શરૂ કર્યું. આખું ચોમાસું મુસાફરી કરી એટલે રૂા. ૫૦૦ સુધી એકત્ર થયા હતા. આ મુસાફરી દરમ્યાન હમોએ નોકરી ઉપરથી કપાત પગારે રજા લીધી હતી. આજ અરસામાં માસિક કાઢવા માટેના રૂા. ૩૭૦) ઠાં. કો. હિ. વ. મંડળ તરફથી ડ્રાફ્ટથી મળ્યા હતા. ચોમાસું પુરૂં થવા આવ્યું અને બોર્ડિંગ ખોલવાનો તથા માસિક શરૂ કરવાનો સમય પણ નજીક આવી લાગ્યો. ચાર માસ મુસાફરી કરી મેળવેલા અનુભવ અને પૂર્વના અશકતાશ્રમના ઉઘરાણાના અનુભવ ઉપરથી હમોએ સેવા ધર્મમાંજ જીંદગી ગુજારવાનો નિશ્ચય કરી નોકરીનું રાજીનામું આપી દીધું. જો રાજીનામું ન આપવામાં આવે તો માસિકના તંત્રી તરીકેનું ડેકલેરેશન સરકારી નોકરને મળે નહિ એ એક સવાલ હતો અને બીજું બોર્ડિંગમાં શરૂઆત એટલે ચોવીસેચોવીસ કલાક હાજર નં રહેવાય તો તે ઉપસ્થિત થાય નહિ. આ કારણો અને સેવા ધર્મ એજ જીવનનો મુખ્ય હેતુ એ સર્વને લઇ નોકરીને તિલાંજલી આપી.

સને ૧૯૧૭.

કોળી સુબોધ શરૂ થયુ અને કોળી વિદ્યાર્થી આશ્રમ ખોલવાની તૈયારી ચાલતી હતી, તેવામાં મિત્ર ભાણાભાઇ ગોવિન્દજીનું આફ્રિકા જવું થયું. આજ વખતે જ્ઞાતિભક્ત રણછોડજી ગોવિંદભાઈ આફ્રિકાથી દેશ આવ્યા હતા. હુમો, મિત્ર ભાણાભાઇ, તથા જ્ઞાતિભક્ત રણછોડજીભાઇ એ સર્વ ભેગા મળ્યા. ભેગા મળ્યા પરંતુ ભેગા રહેવાનું ઝાઝો વખત બન્યું નહિ. મિત્ર ભાણાભાઇ તુરતજ આફ્રિકા ગયા. સને ૧૯૧૬ ના ડીસેમ્બરની ૨૪મી તારીખે કોળી યુવક મંડળ સુરત વિભાગની જનરલ સભા બોલાવવામાં આવી હતી, તે દિવસે જ્ઞાતિભક્ત રણછોડજીભાઇ રૂા. ૧૦૧ ભરી સદર મંડળના આશ્રયદાતા બન્યા, અને બોર્ડિંગ ખોલવાનો ઠરાવ સભા પાસે આગ્રહપૂર્વક પાસ કરાવ્યો. તા. ૧૦–૧–૧૭ ના રોજ નવસારી ખાતે રૂદરજી વકીલનો છાપરાના રસ્તા ઉપર આવેલો જુનો પુરાણો બંગલો, ભાડે રાખી, સાફસુફ કરી, જ્ઞાતિભક્ત રણછોડજી ગોવિંદભાઇએ એ વિદ્યાર્થીથી આશ્રમની શરૂઆત કરી. આશ્રમ માટે ફંડ ઉઘરાવવાના કામ માટે મિત્ર ભાણાભાઇએ ૧૯૧૬ નાં ચોમાસાંમાં કાદવ, કાંકરા, અને ભર વરસાદમાં જે મહેનત ઉઠાવી હતી તે શબ્દથી તો વર્ણવી શકાયજ નહિ. વળી આશ્રમ ખોલતી વખતે તથા ખોલાયા પછી તેને વ્યવસ્થિત

કરવાના કામમાં, જ્ઞાતિભકત રણછોડજીભાઇએ જે સમય, શકિત, અને ધનનો ભોગ આપ્યો હતો તે પણ શબ્દથી વર્ણવી શકાય એમ નથી. પોતાનાં બચ્ચાંછોકરાં કરતાં પણ આશ્રમ ઉપર તેમની પ્રીતિ વિશેષ હતી. રાત અને દિવસ દિવસોનાદિવસ સુધી તેઓ આશ્રમમાંજ રહેતા અને વ્યવસ્થા કરવા લાગતા. ફંડ માટે રાત અને દિવસ ઉંઘ પણ ન લેતાં મુસાફરી કરવા લાગતા. કેટલીક રાતો તો વિના ઉંઘે મુસાફરી અંગે ચાલવામાંજ જ્ઞાતિભકત રણછોડજીભાઇએ ગુજારેલી તે હમોને ચોકસ યાદ છે. ખરેખર ! કોળી વિદ્યાર્થી આશ્રમ એ જ્ઞાતિભકત રણછોડજી-ભાઈનો પ્રાણજ હતો. આશ્રમ ચાલુ થયા પછીથી કેટલીક વ્યવસ્થા પોતાને હાથે કરી એઓ જુન-જુલાઇમાં આફ્રિકા ગયા હતા.

તા. ૧૦-૧-૧૭ ના રોજ આશ્રમ ચાલુ થયા પછીથી તુરતજ ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ તરફથી રૂા. ૩૦૦૦ જેવી ઉદાર રકમની મદદ મળી હતી. આ મદદ ઉપરથી પછી માંધાતા હિતવર્ધક મંડળ દરબાન તથા ટ્રાંસવાલ કોળી યુવક મંડળ તથા કેપટાઉન કોળી વિદ્યા ઉત્તેજક મંડળ તથા ઓકલાંડ, બસરા, વગેરે વાસી ભાઇઓ તરફથી પણ યથાશકિત મદદ મળી હતી.

કોળી સુબોધ માસિક.

શાલ ૧૯૭૩ ના કાર્તક માસથી કોળી સુબોધ માસિક પ્રગટ થયું હતું, અને જેણે દેશ પરદેશની કોળી કોમને જોસભેર જાગૃત કરી છે. કોળી સુબોધના જન્મ પછી કોળી કોમની નિદ્રા એકદમ ઉડી, અને જ્યાં ત્યાં ઠેકઠેકાણે નવાં નવાં મંડળો સ્થપાઇ કામ કરવા મંડી ગયાં. વળી વરસો થયાં સ્થપાયેલાં અને ભાંગીતુટી હિલચાલ કરી રહેલાં મંડળો પણ પાછાં જોસભેર જાગૃત થઇ, પડેલી ફાટો પુરી કામ કરવા મંડયાં હતાં. કોળી સુબોધે ૧૯૭૩ થી ૧૯૭૬ સુધીની પોતાની ચાર વરસની કારકીર્દીમાં બજાવેલાં કામકાજની ટુંક નોંધ નીચે પ્રમાણે:-

૧-કોળી વિદ્યાર્થી આશ્રમ માટે હજારો રૂા. નું ફંડ એકત્ર કર્યું.

૨-દેશપરદેશની ગાઢ નિદ્રામાં સુતેલી કોમને જોસભેર જગાડી.

૩-કોમમાંથી કેટલાક વિદ્વાન યુવકોને લેખક વૃત્તિ તરફ પ્રેર્યા.

૪-સામાજિક સુધારણાના પવનને પણ કેટલેક અંશે ફુંકયો.

૫-દહાડાપાણી વગેરે અયોગ્ય ખરચમાં કાપકુપ

કરવાનું પણ યથાશકિત સમજાવ્યું હતું, અને તે પૈસાનો સદુપયોગ કોમના લાભ માટે થયો હતો. દાખલા તરીકે, વડોલી નિવાસી રા. મકનજી જેરામભાઇએ પોતાના પિતાશ્રી ના અવસાન બદલ દહાડાપાણીમાં રૂા. ન ખરચતાં, તે પૈસામાંથી વીરબાલિકા નામની ચોપડી છપાવી તે મફત વહેંચી હતી.

૬–લગ્ન વગેરે શુભ પ્રસંગે થતા ખરચોમાંથી જ્ઞાતિહિતના કામમાં પૈસા આપવાની પદ્ધતિ દાખલ કરાવવામાં પણ યથાશકિત ભાગ આપ્યો છે. કેટલાએ સજ્જનોએ આ માર્ગ ગ્રહણ કર્યો હતો.

૭–દરબાન, જોહનીસબર્ગ, કેપટાઉન, વગેરે સ્થળે અને દેશ ખાતે કેટલાંક નવીન મંડળો ઉભાં થવામાં માર્ગ દર્શક તરીકે કામ કરેલ છે.

૮–કોમના ગરીબ વિદ્યાર્થીઓને ફંડ એકત્ર કરી મદદ આપેલી છે.

૯–"જીવન-પાથેય" નામક એક નાનું પુસ્તક પ્રગટ કરી ગુજરાતના સાહિત્ય રસિકોને ભેટ આપ્યું હતું.

૧૦–"દાનવીર કોળી ગૃહસ્થ ભાણાભાઇ વહાલજી" નામક નાની ચોપડી કોળી કોમને ભેટ આપી હતી.

૧૧–"વીર બાલિકા" નામની ચોપડી છપાવી મફત વહેંચી હતી.

૧૨–"કોળીસુબોધ" પત્રિકા નં. ૧ પ્રગટ કરી હેંડબીલ રૂપે વહેંચી હતી.

૧૩–"જ્ઞાતિહિત નિબંધમાળા"નું પુસ્તક છપાવી પ્રગટ કીધું છે.

૧૪–"અમેરિકામાંના ગરીબ વિદ્યાર્થીઓ" નામક પુસ્તક મફ્ત ભેટ આપવા છપાવ્યું છે.

૧૫–"કોળી વોલંટીયર કોર" સ્થાપન કરવામાં પૈસાની મદદ કરી હતી.

૧૬–નજીકના ભવિષ્યમાં જન્મ પામનારી "કોળી પરીષદ" માટે પણ બનતી મદદ લેખો મારફ્ત અને પૈસા મારફ્ત આપી હતી.

કોળી સુબોધના જન્મ પછી દેશ પરદેશની સમસ્ત કોળી કોમમાં જાગૃતિ ફેલાઇ. કોળી સુબોધના જન્મ અગાઉ જાગૃતિ હતાં પણ તે ઘણીજ થોડી હતી. થોડી થોડી જાગૃતિને વધારે ફેલાવવાનું-ઉત્સાહ પ્રગટાવવાનું તથા કોમની ઉંઘ ઉડાડવામાં કોળીસુબોધે યથાશકિત પ્રયત્ન કરેલ છેજ અને હજુ દિવસે દિવસે કરે જાય છે.

કોળી વિદ્યાર્થી આશ્રમ નવસારી.

ઉપર બતાવ્યા મુજબ ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ જોહનીસબર્ગએ આશ્રમ ખોલવાની યોજના કરી

હતી. તે યોજના સફળ કરવા કોળી યુવક મંડળની સ્થાપના થઇ અને તે મારફત તા. ૧૦-૧-૧૭ના રોજ જ્ઞાતિભક્ત રણુછોડજી ગોવિંદભાઈને હાથે એ ખોલાયું.

સને ૧૯૧૭થી ૧૯૨૦ સુધીમાં એ આશ્રમનો સેંકડો વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો અને લે છે. એ આશ્રમના વિદ્યાર્થીઓથી ઉભી થયેલી કોળી વોલંટીયર કોરે ઘણીજ અગત્યની સેવાઓ બજાવી હતી. ઈન્ફ્લુએંઝાની બીમારી પહેલ વહેલી ફાટી નીકળી, તે વખતે એ આશ્રમના વિદ્યાર્થીઓએ પોતાના પ્રાણુની પણુ દરકાર ન કરતાં અનેક દુઃખીઓની ઘેરેઘેર ફરી દવા કરી હતી. તે ઉપરાંત નવસારી ખાતે આર્ય ધર્મ પરિષદ મલી હતી, તેનો સર્વ બંદોબસ્ત રાખવાનું કામકાજ પણુ એજ આશ્રમના વિદ્યાર્થીઓએ બજાવ્યું હતું. આ ઉપરાંત બીજી અનેકાનેક સેવાઓ એ આશ્રમના વિદ્યાર્થીઓએ કરી હતી અને કરે જાય છે.

આશ્રમને અંગે હજારો રૂા.ની સ્થાવર જંગમ મિલકત છે અને હજારો રૂા. નું ફંડ પણુ જમા છે. સમસ્ત ગુજરાતની ૧૫-૨૦ લાખની કોળીની વસ્તીમાં આજ એક કોમની સેવા કરતું વિદ્યાર્થી આશ્રમ હાલ છે.

ટાંસવાલ કોળી હિતવર્ધક મંડળ.

ગુજરાતની અંદર અને પરદેશમાં અનેક કોળી કોમનાં મંડળો સ્થાપન થયેલાં છે. તે સર્વમાં વધારેમાં વધારે

કામ જો કોઇએ કર્યું હોય તો તે ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળેજ છે. વિદ્યાર્થી આશ્રમ અને માસિક જેવી પ્રવૃત્તિ કોળી કોમમાં બીલકુલજ ન હતી, તે ચાલુ કરવાનું માન એ મંડળનેજ ઘટે છે. એજ મંડળની યોજનાને અમલમાં મૂકવા કોળી યુવક મંડળ સુરત વિભાગ, સ્થાપન કરવામાં આવ્યું હતું. કોળી યુવક મંડળ સુરત વિભાગ, કોળીસુબોધ, કોળી વિદ્યાર્થી આશ્રમ, એ સર્વની માતા ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળજ છે. કોમનાં સમગ્ર મંડળોમાં આજે ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળનો દરજ્જો પ્રથમ નંબરે છે. અત્યાર પછી કોળી કોમમાં અવનવાં મંડળો થશે, અને તે સારામાંસારી કામગીરી બજાવશે, પરંતુ કોળી કોમને ગાઢ નિદ્રામાંથી જગાડવાનું જે કામ ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળે કરેલું છે તે બદલ પ્રથમ નંબરનો દરજ્જો તો ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળનોજ રહેશે.

ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ કોમની સેવા હર હમેશ બજાવેજ જાય છે, તેમ છતાં ઘડીભર માની લો કે, એ મંડળે સેવાના ક્ષેત્રને સંકેલી લીધું, તોપણ ભુતકાળમાં કોળી કોમને આંગણે આશ્રમ, માસિક, વગેરે પ્રવૃત્તિઓને જન્મ આપેલો છે જે કારણોથી એનું ગૌરવ, સદાકાળ માટે જેવુંને તેવું, સૂર્યનાં તેજની જેમ ઝળહળતુંજ રહેશે.

જ્ઞાતિભક્ત રણછોડજીભાઇ.

વાચક વિચાર કરશે કે, જ્ઞાતિભકત રણછોડજીભાઇની સેવાની નોંધ લખતાં મંડળો અને અન્ય પ્રવૃત્તિઓના વિષયમાં કેમ ઉતરી પડયા હશે? વિષયાંતર કેમ થયા હશે? આવા સવાલો ઉભા થાય તે સ્વાભાવિકજ છે.

પ્રિય વાચક! એ પ્રશ્નોજ એવા છે કે તે એક બીજા સાથે જોડાઈ રહેલા છે. ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ, અને જ્ઞાતિભકત રણછોડજીભાઈ, એ બેને હમે જુદાં પાડી શકતા નથી. એ એકજ અંગ છે, જેથી એકને માટે લખતાં બીજાંનું સ્વાભાવિક રીતેજ લખાય છે. જેમ એક શરીરમાં જુદા જુદા અવયવો હોય છે પરંતુ તે બધા મળીનેજ શરીર થયેલું હોય છે. પગ જો ચાલે, તો તેની સાથે આખું શરીર, એટલે શરીરના જુદા જુદા અવયવો પણ સાથે સાથે જાય છે, તેવીજ રીતે ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ, અને જ્ઞાતિભકત રણછોડજી ગોવિંદભાઈ છે. હમો મંડળને માટે જે કંઇ લખીએ કે બોલીએ તે સર્વમાં રણછોડજીભાઇ પણ આવી જાય છે અને રણછોડજીભાઇના સંબંધમાં જે કંઈ બોલીએ કે લખીએ, તેમાં ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ પણ આવી જાય છે.

જ્ઞાતિભકત રણછોડજીભાઇના સંબંધમાં આ લેખક, સને

૧૯૧૫થી આવેલ છે. એ મહાપુરૂષના જીવનમાં જે કોમહિત માટેની લાગણી, ઉદારતા, સાહસિકતા, નિડરતા, અને હિંમત વગેરે ગુણો આ સેવકના જોવામાં આવ્યા છે તે અવર્ણ્નીય છે. આ ઉપરથી એમ નથી કે, ઉપર બતાવેલા ગુણો, કોળી કોમ પૈકી ફક્ત રણછોડજીભાઇનામાંજ છે અને બીજાનામાં નથી. હમે બીજા, જ્ઞા. ભ. રણછોડજીભાઈ કરતાં પણ વિશેષ બુદ્ધિશાળી, ધનવાન, સાહસિકતા, નિડરતા વગેરે ગુણો ધરાવતા પુરૂષો જોયા છે, પરંતુ તે ગુણોનો ઉપયોગ કોમ માટે જ્ઞા. ભ. રણછોડજીભાઇના જેટલો કરતાં મેં નથી જોયા. જ્ઞાતિભક્ત રણછોડજીભાઇની નસેનસમાં જ્ઞાતિદાઝની લાગણી ઉછળી રહેલી છે. માનપાન કે મોટાઈને ખાતરજ કામ કરવું એવું પણ નથી. કોળી કોમના એ મહાપુરૂષે અનેકાનેક ભોગો આપેલા છે અને તે કેવળ નિઃસ્વાર્થવૃત્તિથી. વખત આવે પીઠ ફેરવી, બાયલાઓની પેઠે રાજીનામાં આપી, ભાગી જવું કે અંતરમાંથી હલાહલ વિષ બહાર કાઢી, જનસમાજને તેનું પાન કરાવે એવા એઓ નથી. એઓના જીવનમાંથી તો સર્વત્ર સાહસિકતા, નિડરતા, અને ઉદારતાજ મળશે. ચંદનનાં વૃક્ષને કાપવાથી જેમ સુગંધી મળે છે, તેમ દેશાભિમાની પુરૂષોના જીવનમાંથી પણ સારીજ વસ્તુ મળે છે. જેમની પાસે સારી વસ્તુ છે તે તો જગતને સદાકાળ સારી વસ્તુજ

આપવાના, પણ જેઓની પાસે સ્વાર્થતા, અહંકાર, બાયલા-પણું વગેરે છે તેઓ જગત્‌ને શું આપવાના ? જવાબ સહેલોજ છે. જે છે તેજ આપવાના. વખત આવે એવા પુરૂષો, બાયલા બની નાસી છુટવાનું પસંદ કરે, કે કાંતો અંતરમાંથી અહંકારને વશ થઇ હળાહળ વિષ પ્રગટાવી તેનો લાભ જગતને આપે.

ધન્ય છે કોળી કોમને ! કે જેને ખોળે રણછોડજીભાઇ જેવા પુરૂપો પ્રગટ થયા, અને ધન્ય છે જ્ઞાતિભક્ત રણછોડજીભાઈને ! કે કોળી કોમની ઉન્નતિ માટે અનેકાનેક ભોગો આપ્યા છે અને આપવા સદાકાળ તૈયાર છે.

બજાવેલાં કામોની ટુંક નોંધ.

૧–જયાંસુધી બોર્ડિંગ હાઉસ સ્થાપન ન થાય ત્યાં સુધી મૂછ રાખવી નહિ, એવી પ્રતિજ્ઞા લઈ બોર્ડિંગ હાઉસ ચાલુ કરી, તે પ્રતિજ્ઞા સફળ કરી.

૨–રૂા. ૧૦૧ ભરી કોળી યુવક મંડળના પ્રથમ આશ્રય દાતા બન્યા.

૩–રૂા. ૫૧ ભરી એઓનાં ધર્મ પત્ની સૌ. દેવકોર બેન કોળી યુવક મંડળનાં પ્રથમ હિતકર્ત્તાં બન્યાં.

૪–આફ્રીકા ખાતે સ્થાપન થયેલ આશ્રમ ફંડમાં

૫–કોળી વિદ્યાર્થી આશ્રમ ખોલતી વખતે રાત દિવસ, દિવસોનાદિવસો ભ્રમણ કર્યું હતું અને સેંકડો રૂા.નો ગુપ્ત ભોગ પણ આપ્યો હતો.

૬–કાંઠા વિભાગની અંદર સ્ત્રીઓ અસભ્ય પહેરવેશ પહેરે છે, તે એટલો બધો અસભ્ય છે કે, તેવો કાળીપરજ અને ઢેડા જેવી પછાતમાં પછાત કોમની સ્ત્રીઓ પણ પહેરતી નથી. તે પોષાકમાં પહેલ વહેલું સુધારાનું પગલું, અનેક અડચણોની વચ્ચે પોતાનાં પત્નીને સભ્ય પહેરવેશ પહેરાવી ભર્યું હતું. આજે એ હિંમતને પરિણામે કાંઠા વિભાગમાંની અનેકાનેક સ્ત્રીઓ, સભ્ય પહેરવેશ પહેરતી નજરે પડે છે. દિવસે દિવસે સભ્ય પહેરવેશ પહેરવાનું વધતું જાય છે, એ ઘણુંજ ખુશી થવા જેવું છે.

૭–એમના પોતા તરફથી તથા ઘર કુટુંબમાંથી એકંદર રૂા. હજારને આશરે રકમ, આજસુધીમાં કોળી કોમની સાર્વજનિક ઉન્નતિ માટે ખર્ચાઇ છે, તે ઉપરાંત તન અને મનથી જે સેવા બજાવેલી છે તે જુદી.

વાચકો જ્ઞાતિભકત રણછોડજીભાઇની ઉપર બતાવેલી સેવાની ટુંક નોંધ ઉપરથી જોઇ શકયા હશે કે, કોળી કોમની સાર્વજનિક ઉન્નતિ માટે જેટલા ભોગો, જ્ઞા. ભ. રણછોડજી-ભાઇએ આજ સુધીમાં આપ્યા છે, તેટલા બીજા ગુજરાત

અને ગુજરાતની પરદેશમાં વસતી કોળીની વસ્તીમાંથી, કોઈ પણ પુરૂષ આગ્યા નથી. દહાડાપાણી કરવામાં, નાચ વરઘોડામાં, મોટી મોટી હવેલીઓ બંધાવવામાં, દર દાગીના ઘડાવવામાં, વગેરે વગેરે બાબત માટે તો હજારો શું પણ લાખો રૂા. કોળી કોમના ધનવાનોએ ખરચ્યા હશે, પરંતુ તેથી શું ? શું તેનાથી કોમની ઉન્નતિ થઇ છે ? નહિજ. ઉલ્ટી કોમની અવનતિ થઇ છે. કેવી રીતે ? દાખલા તરીકે, એક ધનવાને મોટો વરઘોડો કાઢી હજારો રૂા. ખરચ્યા, તો તેનો દાખલો લઈ બીજો માણસ તેમ કરવાનો. આ જોઈ સાધારણ માણસ પણ તે રસ્તે ચાલવા મહેનત કરવાનો, અને તેથી તે વધારે ગરીબ થવાનો. આજકાલ કોળી કોમની અંદર હદ ઉપરાંતના ખરચો જે વધી ગયેલા છે, તે માટે કોમના શ્રીમંતોજ જોખમદાર છે. શ્રીમંતો જે જે કામ કરે, તેનો દાખલો બીજાઓ લે. દાખલો લેવો કે અનુકરણ કરવું એ કુદરતી નિયમ છે. આટલાજ માટે શ્રીમંતોએ વહેવાર ચલાવવામાં બહુજ સાદાઈ અને નિયમો જાળવવાની જરૂર છે. ગુજરાતની સમસ્ત કોળી કોમમાંથી, પોતાના ગામની ઉન્નતિ માટે હજારો રૂા. ખર્ચનાર પ્રથમ ગૃહસ્થ, ભીમપોર નિવાસી દાનવીર ભાણાભાઇ વહાલજી છે. જેમણે પોતાને ખરચે કન્યાશાળાનું મકાન બંધાવી આપ્યું હતું. કોળી કોમની સાર્વજનિક ઉન્નતિ માટે હજારો રૂપિયા

ખર્ચનાર તથા તનમનથી ઘટતો ભોગ આપનાર પ્રથમ ગૃહસ્થ જ્ઞા. ભ. રણછોડજીભાઇ છે. આજ તો કોળી કોમમાં માસિકો, આશ્રમો, અને અનેકાનેક મંડળો છે. પરંતુ સને ૧૯૧૫ની શાલમાં, જે વખતે જ્ઞાતિભકત રણછોડજીભાઇ અને ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ, જાહેરજીવનના રણક્ષેત્ર ઉપર આવી, કર્ત્તવ્યપરાયણતાનાં બીજ રોપે છે, તે વખતે માનધાતા હિતવર્ધક મંડળ દરબાન, ટ્રાંસવાલ કોળી યુવક મંડળ જોહનીસબર્ગ, કોળી વિદ્યા ઉત્તેજન મંડળ કેપટાઉન, કોળી યુવક મંડળ સુરત વિભાગ, કોળી સુબોધ માસિક, કોળી વિદ્યાર્થીઆશ્રમ, તથા અનેક કાર્યવાહકો, એ સર્વમાંનું કંઇજ ન હતું. માત્ર ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ જોહનીસબર્ગ, અને પ્રીટોરીયા, બીનોની, વગેરે તેની શાખાઓ, એજ અસ્તિત્વમાં હતાં. જ્ઞાતિભકત રણછોડજીભાઇ, અને શ્રીયુત ભાણાભાઇ ગોવિંદજી, તથા બહાદુર કોળી આગેવાન વલ્લભભાઇ ગોપાલજી પટેલ, એઓ ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળના ઉત્સાહી સભાસદો હતા અને છે. સને ૧૯૧૫માં દેશખાતે પ્રવૃત્તિઓ ચાલુ કરવા સંબંધી પત્રવ્હેવાર કરવામાં, તથા તે માટે મકકમ વિચારો ને લાગણી દર્શાવવામાં, ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળના સભાસદો પૈકી જ્ઞા. ભ. રણછોડભાઇ, તથા શ્રીયુત ભાણાભાઇ, તથા બહાદુર કોળી આગેવાન વલ્લભભાઈ ગોપાળજી, એઓજ હતા. ૧૯૧૫ થી તે આજ

દિન સુધી એ ભાઇઓએ પોતાની લાગણી, જેમનીતેમ રાખી છે, અને ભવિષ્યમાં જેમનીતેમ રાખશેજ. ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળનાં અહોભાગ્ય છે કે, તેને ઉપર બતાવેલ કર્ત્તવ્યપરાયણ સભાસદો મળ્યા. ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળના બીજા સભાસદોને હમે આથી ઉતારી પાડવા માગતા નથી. ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળના એકેએક સભાસદ ધન્યવાદને પાત્ર છેજ.

ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળની, નવસારી ખાતે વિદ્યાર્થી આશ્રમ ખોલવાની યોજના હતી, તેનેઅમલમાં મૂકવા એજ મંડળના ઉત્સાહી સભાસદ શ્રીયુત ભાણાભાઇ ગોવિંદજીની અને બીજા મિત્રોની મદદ વડે કોળી યુવક મંડળ સુરત વિભાગ સને ૧૯૧૬ સ્થાપન કરવામાં આવ્યું હતું. કોળીસુબોધ માસિક કાઢવા સંબંધીનો પ્રથમ પત્ર, ગ્રા. ભ. રણછોડભાઇએ, ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળના સભાસદ પદ ઉપરથી લખ્યો હતો અને તે માટે ઘટતી મદદ કરવા પણ જણાવ્યું હતું. આ ઉપરથી કોળી યુવક મંડળ સુરત વિભાગને સ્થાપન કરી તેને હસ્તક આશ્રમ અને માસિક, એમ બે પ્રવૃત્તિઓ ચાલુ કરવામાં આવી.

સને ૧૯૧૬માં કોળી યુવક મંડળ સુરત વિભાગ સ્થાપન થયું, અને ત્યાર પછી એક વરસે, કોળી વિદ્યાર્થી

આશ્રમ તથા કોળી સુબોધ માસિક ચાલુ થયું. આ ચાલુ થયા પછી માનધાતા હિતવર્ધક મંડળ દરબાન, તથા ટ્રાંસ-વાલ કોળી યુવક મંડળ તથા કેપટાઉન કોળી ઉદ્યા ઉત્તેજન મંડળ, વગેરે સર્વ અસ્તિત્વમાં આવ્યાં. અને તે સર્વએ પણ કીંમતી સેવા બજાવી.

કોળી કોમનાં મંડળોમાં વધારેમાં વધારે પ્રથમ સાહસ કરનાર મંડળ, તો ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળજ છે. અને કોળી કોમની વસ્તિમાં અત્યાર સુધીમાં તન મન ધનથી વધારે ભોગ આપનાર પુરૂષ, તો જ્ઞા. ભ. રણછોડજી ગોવિંદ-ભાઇજ છે.

વાચકને શંકા થશે કે, ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળ તથા જ્ઞા. ભ. રણછોડજી ગોવિંદભાઇ સાથે લેખકને કંઈ સ્વાર્થ હશે, જેથી વધારે લખે છે અને વારંવાર ગુણ-ગાન કરે છે. પ્રિય વાચક? લેખકને આ જગત્માં કોઈપણ પ્રકારનો સ્વાર્થ હોય તો તે માત્ર જ્ઞાતિ સેવા. એ સિવાય માનપાન કે ધનદોલત વગેરે બીજા કશાનો નથી. લેખક, જ્યારે, જ્યારે, જ્યાં, જ્યાં, જેવું જુએ ત્યાં ત્યાં, તેવું સત્યજ લખવા પ્રેરાય છે. ટ્રાંસવાલ કોળી હિ. વ. મં. અને જ્ઞાતિ ભક્ત રણછોડજી ભાઇએ જે ઉત્તમ પ્રકારે કોમની સેવા બજાવેલી છે તે શું ન બજાવેલી કહેવાશે. ? શું એ બજાવેલી સેવાને જાહેરમાં મૂકવી તે વખાણ કર્યાં કહેવાય કે?

જ્યારે એ બજાવેલી સેવાને જાહેરમાં ન મૂકે અને ગુપ્ત રાખે તો તેથી કોળી કોમને જાણવાનું અને અનુકરણ કરવાનું ક્યાંથી મળે ? સૂર્યમાં જે તેજ છે, તેને ગુપ્ત રાખે તો જગત્‌ને પ્રકાશનો લાભ મળે ખરો કે ? જે જે સદ્‌ગુણો અને દુર્ગુણો છે તે જગત્‌માં કોઇ ગુપ્ત રહેજ નહિ. સમય આવે તે પ્રકાશ થાય છેજ. જ્ઞાતિભકત રણછોડજીભાઇની અને ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળની સેવા, કુદરતી રીતેજ પ્રગટ થાય છે. એ કોઇની કરેલી થતી નથી. સૂર્યનો પ્રકાશ નિયમસર જગત્‌ને મળે જાય છે એ કોઇ માણસના પ્રયત્નથી જગત્‌ને મળતો નથી, તેમ કુદરતના નિયમ અનુસાર સર્વ વાત બનતી જાય છે.

બહાદુર કોળી આગેવાન વલ્લભભાઇ ગોપાળજી પટેલ.

ભ.ઠા તા. ચોરાશીના આ યુવકે, સમગ્ર ગુજરાતમાં પ્રથમ દરજ્જો ભોગવતા ટ્રાંસવાલ કોળીહિતવર્ધક મંડળના મંત્રી પદ ઉપરથી, જે સેવા કોમની બજાવી છે, તેવી કોમનાં બીજાં કોઇપણ મંડળના મંત્રીએ બજાવી નથી. જ્ઞાતિભકત રણછોડજીભાઇએ એક સભાસદ તરીકે કામ કર્યું હતું, તે ઉપરાંત વધારેમાં વધારે ભોગો તેઓએ પોતાના ખાનગી આપ્યા હતા એટલે તેઓને માથે ભારે જવાબદારીઓ ન્હોતી. પરંતુ બ. કો. આ.

વલ્લભભાઈ ગોપાળજી પટેલને માથે તો એક મોટામાં મોટા મંડળના મંત્રીપદની જવાબદારી હતી. દાખલા તરીકે, ટ્રાંસવાલ કોળી હિતવર્ધક મંડળરૂપ એક આગબોટની અંદર, કોળી યુવક મંડળ, તથા કોળી વિદ્યાર્થી આશ્રમ તથા કોળી સુબોધ માસિક તથા જ્ઞાતિભક્ત રણછોડજીભાઇ તથા એ ઉપરાંત બીજા સર્વ સભાસદો બેઠા હતા. સાધારણ રીતે આગબોટનો આધાર બેસનારાઓ ઉપર નહિ પરંતુ તેના કપ્તાન ઉપર હોય છે. બેસનાર સર્વ તો કપ્તાનના આધાર ઉપર હોય છે. એક આગબોટને સુરક્ષિત ભર સમુદ્રમાંથી કિનારે લઇ જવી તે જેટલું ગહન અને મુશ્કેલી ભર્યું છે, તેના કરતાં પણ એક મંડળરૂપ આગબોટને કિનારે લઈ જવી તે વધારે મુશ્કેલ ભર્યું છે. રા. વલ્લભભાઇએ જે બાહોશી અને હોશિઆરીથી, મંત્રી પદની જવાબદારીની ફરજ બજાવી, કોળી કોમના ઉન્નતિરૂપ વહેતા પ્રવાહને પહેલેથી તે છેલ્લે સુધી અનેક આફતમાંથી બચાવી સુરક્ષિત રાખ્યો છે, તે એમની સેવાની આગળ લાખો અને કરોડો રૂ.ના ભોગો પણ ઓછા છે. રા. વલ્લભભાઇ જેવા બાહોશ અને કર્ત્તવ્યપરાયણ મંત્રી, જો ટ્રાં. કો. હિ. વ. મંડળને ન મળ્યા હોત, તો આજે જે દરજ્જો એ મંડળનો છે તે કદાપિ પણ હોત નહિ. તેમજ કોળી યુવક મંડળ, કોળી સુબોધ અને કોળી વિદ્યાર્થી આશ્રમ જે હૈયાતી ભોગવી રહ્યાં છે તે પણ હોત નહિ.

સાહસિકતા, સમયસુચકતા, નીડરતા, અને કર્ત્તવ્ય-પરાયણતાના જે ગુણો, રા. વલ્લભભાઈનામાં હમે જોયા તેવા ગુજરાતના બીજા કોઇપણ કોળી ભાઇમાં જોવામાં આવ્યા નથી. કદાચ હશે તો તે કંજુસ જેમ ધનને દાટી રાખે છે તેમ દાટી રાખેલા હશે. દાટી રાખેલું, હોય તોએ શું ? અને ન હોય તોએ શું ? તેથી કોઇને કંઇ લાભ છે ? નહિજ.

જે દિવસે આ વીર યુવકનું ચરિત્ર લખાશે તે દિવસે કોળી કોમના ઇતિહાસમાં એક અગત્યનું તે પુસ્તક થશે.

સને ૧૯૧૬ની એક પુનઃ યાદ.

સને ૧૯૧૬ ની અંદર આશ્રમ ખોલવા માટે ફંડ એકત્ર કરવાનું કામ ચાલતું હતું તે વખતે નીચે જણાવેલા બંધુઓએ ફરવાના કામમાં ઘણીજ મદદ કરી હતી.

નં.	નામ.	ઠે.
૧	ભાણુભાઇ ગોવિંદજી પટેલ	ઇરાડી.
૨	પરસોત્તમ ફકીરભાઈ ,,	નવસારી.
૩	કલ્યાણજી મંગાભાઇ ,,	સરાવ.
૪	ડાહ્યાભાઇ લાલભાઇ ,,	,,
૫	સ્વ. ભાણુભાઇ ડાહ્યાભાઇ ઇજનેર	ડાંભેર.

આ ઉપરાંત બીજા કેટલાક બંધુઓએ પણ પ્રસંગોપાત મદદ કરી હતી, તેમનો ઉપકાર પણ કંઇ ઓછો નથી. મિત્ર ભાણુભાઇ ગોવિંદજીએ તો સને ૧૯૧૬ માં મંડળ સ્થાપન થયું ત્યારથી તે છેક આફ્રિકા ગયા ત્યાં સુધી સતત્ મદદ આપવી ચાલુજ રાખી હતી. આફ્રિકા ગયા

પછીથી પણ એ વીરયુવકના હૃદયે કોળી ઉન્નતિને એક ક્ષણ પણ વિસારી નથી. એઓની કેટલીક સેવા એવી તો ગુપ્ત છે કે તે શબ્દથી અથવા કોઇ લેખથી બતાવી શકાય તેવી નથી. મહાશય કલ્યાણજી મંગાભાઇ પટેલે પોતાના ગામની આસપાસનાં ગામોમાં ફરવામાં તથા ફંડ એકત્ર કરવામાં ઘણીજ સારી મદદ કરી હતી. રાત્રે પણ ચોમાસામાં ફાનસ લઈ એઓની સાથે મુસાફરી કર્યાનું હમોને યાદ છે. સ્વ. ભાણાભાઈ ડાહ્યાભાઇ એન્જિનિયરે પણ ઘણુંજ સારૂં કામ બજાવ્યું હતું. કોળી કોમનું દુર્ભાગ્ય છે કે આશ્રમ ખોલાયા પછી આ વીર યુવકનો એકાએકજ સ્વર્ગવાસ થયો. રા. પરસોત્તમ ફકીરભાઇ પટેલ નવસારીવાલાએ મંડળ સ્થાપન થયા પૂર્વે અને પછી સલાહો આપવામાં તથા મુસાફરીના કામમાં ઠીક મદદ કરી હતી. વળી એઓ ૧૯૧૯ માં પરદેશ ગયા હતા, ત્યાંથી પણ વખતોવખત મદદ મોકલતા રહ્યા છે.

છેવટની પ્રાર્થના.

પ્રભુ ! ટ્રાંસવાલ કોળીહિતવર્ધક મંડળ જેવાં કર્ત્તવ્ય પરાયણ મંડળો તથા બહાદુર કોળી આગેવાન વલ્લભભાઇ ગોપાળજી પટેલ જેવા સાહસિક, નીડર, અને બાહોશ, વીર યુવકો તથા જ્ઞાતિભકત રણછોડજીભાઈ જેવા ઉદાર પુરૂષો કોળી કોમમાં અનેકાનેક ઉત્પન્ન કરો ! અસ્તુ !!!

આ પુસ્તક, સુરત બરાનપુરી ભાગળ ઉપર આવેલ શ્રી "અનાવિલ" પ્રિન્ટીંગ પ્રેસમાં ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યું અને સુરત સંઘાડીઆવાડ નાની છીપવાડમાં આવેલ કોળીજીવન કાર્યાલયમાંથી જીવણજી કુશળભાઇ પટેલે પ્રગટ કર્યું.